ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર, એસ.જી. હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧

E-mail : admission.info@baou.edu.in ; Website : www.baou.edu.in

બી.એડ્. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત સૂચનાઓ

બી.એડ્. મેરીટમાં આવનાર ઉમેદવારે કૉલ લેટરમાં જણાવેલ તારીખ અને સમયે બી.એડ્. પ્રવેશ કાર્યવાહી સમયે નીચે મુજબના પ્રમાણપત્રોની અસલ કોપી અને એક સેટ ઝેરોક્ષ નકલ સાથે લાવવાની યાદી.

1. શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર (સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ).
2. જાતિનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો).
3. સ્નાતક પરીક્ષા માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ ફરજિયાત લાવવું (B.A., B.Com., B.Sc., B.E.).
4. અનુસ્નાતક પરીક્ષાની માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ ફરજિયાત લાવવું (M.A., M.Com., M.Sc., M.E. - લાગુ પડતું હોય તો).
5. NCTE (Face to Face Mode) કોર્સ માન્યતાનું કોડ નંબરવાળું સંસ્થાનું પ્રમાણપત્ર અને માર્કશીટ.
6. પ્રાથમિક, માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિકમાં શાળાના લેટર પેડ પર (તા.01/11/2024 પછીની તારીખવાળું) હાલ શિક્ષક તરીકે ચાલુ હોવાનું આચાર્ય અને સંબધિત સક્ષમ અધિકારી પ્રતિહસ્તાક્ષર સાથેનું અનુભવનું અસલ પ્રમાણપત્ર તેમજ આગળના અનુભવોના તમામ અસલ પ્રમાણપત્રો.
7. વિકલાંગ ઉમેદવારનું સિવિલસર્જનનું ફોટાવાળું અસલ પ્રમાણપત્ર.
8. પ્રવેશ સમયે પ્રવેશપરીક્ષાની હોલ ટિકિટ, પાસપોર્ટ સાઈઝનો એક ફોટોગ્રાફ અને કૉલ લેટર સાથે લાવવો અનિવાર્ય છે.